For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## આફ્રિકન દેશોમાંથી આવતા મુસાફરો માટે કડક સ્ક્રીનિંગ અને હોમ ક્વોરન્ટીન ફરજિયાત

# ગુજરાતમાં ઇબોલાનો પગપેસારો ? વડોદરાનો શંકાસ્પદ દર્દી અમદાવાદ સિવિલમાં દાખલ

**અમદાવાદ** SVP હોસ્પિટલમાં 60 બેડનો સ્પેશિયલ આઇસોલેશન વોર્ડ તૈયાર

(પ્રતિનિધિ) વડોદરા. તા.27
વિશ્વના કેટલાક દેશોમાં હાહાકાર મચાવી રહેલા જીવલેણ ઈબોલા વાયરસનું જોખમ હવે ગુજરાતના આંગણે આવી પહોંચ્યું છે. રાજ્યમાં ઈબોલાનો પ્રથમ શંકાસ્પદ કેસ નોંધાતા આરોગ્ય વિભાગ એક્શન મોડમાં આવી ગયું છે. વડોદરાના એક નાગરિકમાં ઈબોલાના શંકાસ્પદ લક્ષણો જણાતા તેને તાત્કાલિક અસરથી અમદાવાદની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. આ સાથે જ આફ્રિકન દેશોમાંથી ગુજરાત આવતા તમામ પ્રવાસીઓ માટે તકેદારીના ભાગરૂપે કડક ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે.

છેલ્લા ત્રણ દિવસમાં આફ્રિકન દેશ યુગાન્ડાથી અમદાવાદ આવેલા 11 જેટલા પ્રવાસીઓને તકેદારીના ભાગરૂપે હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. આ તમામ મુસાફરો અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં રહે છે, જેમાં થલતેજ વિસ્તારના 10 અને જોધપુર વિસ્તારના 1 નાગરિકનો સમાવેશ થાય છે. આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, હાલમાં હોમ આઈસોલેશનમાં રખાયેલા આ 11 નાગરિકોમાંથી કોઈનામાં પણ ઈબોલાના લક્ષણો જોવા મળ્યા નથી, તેમજ તેઓ કોઈ પોઝિટિવ દર્દીના સંપર્કમાં પણ આવ્યા નથી.

રાજ્ય સરકાર અને AMCના આરોગ્ય વિભાગ, સિવિલ હોસ્પિટલ તથા એરપોર્ટ ઓથોરિટી વચ્ચે સતત સંકલન ચાલી રહ્યું છે. AMCના આરોગ્ય અધિકારી ડો. ભાવિન સોલંકીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની માર્ગદર્શિકા મુજબ તમામ પગલાં લેવાઈ રહ્યા છે. જો કોઈ મુસાફર પોઝિટિવ દર્દીના સંપર્કમાં આવ્યો હશે તો તેને ફરજિયાત ક્વોરન્ટીન કરાશે. લક્ષણો ધરાવતા શંકાસ્પદ દર્દીઓને દાખલ કરવા માટે SVP હોસ્પિટલમાં અલગથી 60 બેડનો ખાસ આઈસોલેશન વોર્ડ તૈયાર કરી દેવામાં આવ્યો છે.

ઈબોલા વાયરસને કારણે વૈશ્વિક સ્તરે જાહેર આરોગ્ય કટોકટી ઊભી થતાં સિવિલ એવિએશન ડિરેક્ટોરેટ જનરલ અને મિનિસ્ટ્રી ઓફ સિવિલ એવિએશન દ્વારા પ્રવેશ બિંદુઓ (પોર્ટ ઓફ એન્ટ્રી) પર કડક નિયમો લાગુ કરાયા છે. જેમાં વિદેશથી આવતા તમામ રૂટના મુસાફરો માટે સેલ્ફ ડિક્લેરેશન ફોર્મ ભરવું ફરજિયાત રહેશે. એરપોર્ટ પર ભીડભાડ ટાળવા માટે ફ્લાઈટના આગમન પહેલાં જ હેલ્થ ફોર્મ અને પ્રક્રિયા અંગે એનાઉન્સમેન્ટ કરવામાં આવશે. અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટના અરાઈવલ એરિયામાં ચોવીસેય કલાક ફ્રન્ટલાઈન હેલ્થ વર્કર્સ તૈનાત રહેશે. આગામી સમયમાં પ્રક્રિયાને વધુ ડિજિટલ અને સરળ બનાવવા માટે 'એર સુવિધા' પોર્ટલ ફરી કાર્યરત કરવામાં આવી શકે છે.

કોંગોમાં ઈબોલાથી 80નાં મોત, નવો સ્ટ્રેન ચિંતાનો વિષય. વિશ્વ આરોગ્ય સંસ્થા એ આ સ્થિતિને ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી જાહેર કરી છે, જોકે તેને હજુ મહામારી ઘોષિત કરાઈ નથી. નિષ્ણાતોની ચિંતા એ વાતને લઈને છે કે આ વખતે કોંગોમાં 'બુંડીબુગ્યો સ્ટ્રેન' જોવા મળ્યો છે. અગાઉના મોટાભાગના કેસ 'ઝાયર સ્ટ્રેન'ના હતા. ઈબોલાની હાલની ઉપલબ્ધ રસીઓ અને સારવાર ઝાયર સ્ટ્રેન આધારિત હોવાથી આ નવો સ્ટ્રેન તબીબી જગત માટે મોટો પડકાર બની શકે છે.

ઈબોલા વાયરસ ડિસીઝ સૌપ્રથમ વર્ષ 1976માં આફ્રિકાની ઈબોલા નદી નજીકના વિસ્તારમાંથી મળી આવ્યો હતો, જેથી તેનું નામ 'ઈબોલા' રાખવામાં આવ્યું છે. આ રોગ હવા દ્વારા ફેલાતો નથી, પરંતુ સંક્રમિત વ્યક્તિના લોહી, ઉલટી, પરસેવો અથવા શરીરના અન્ય પ્રવાહી પદાર્થોના સીધા સંપર્કમાં આવવાથી ફેલાય છે. અચાનક તીવ્ર તાવ આવવો, અશક્તિ, સ્નાયુઓનો દુખાવો, માથું દુખવું, ગળામાં સોજો આવવો અને ગંભીર સ્થિતિમાં શરીરના આંતરિક કે બાહ્ય અંગોમાંથી રક્તસ્ત્રાવ થવો એ વાયરસનાં મુખ્ય લક્ષણો છે.

રાજ્યના આરોગ્ય વિભાગે નાગરિકોને અપીલ કરી છે કે હાલમાં ગભરાવાની કોઈ જરૂર નથી, તંત્ર સંપૂર્ણપણે સજ્જ છે અને માત્ર સાવચેતીના ભાગરૂપે જ આ કડક પગલાં લેવામાં આવી રહ્યા છે.




**સયાજી હોસ્પિટલમાં 22 બેડનો આઈસોલેશન વોર્ડ તૈયાર**

વડોદરાની સયાજી હોસ્પિટલમાં ઇબોલા વાયરસ ને લઈને તંત્ર સંપૂર્ણ પણે સજ્જ છે. હોસ્પિટલના RMO ડો હિતેન્દ્ર ચૌહાણ દ્વારા જણાવવામાં આવ્યું છે કે સયાજી હોસ્પિટલમાં તમામ પ્રકારના વાયરસ માટે એક આઇસોલેશન વોર્ડ પહેલેથી જ તૈયાર કરવામાં આવ્યો છે. આ વોર્ડમાં 22 બેડ ઉપલબ્ધ છે અને વોર્ડમાં સંપૂર્ણપણે તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. જેથી કોઇએ ગભરાવવાની જરૂર નથી પરંતુ સાવચેતી રાખવી ખૂબ જરૂરી છે.

# ગરમીનો પારો વધતા ઉનાળુ વેકેશન 10 દિવસ લંબાવવા માગ

**ખાડી** યુદ્ધથી ડીઝલ-પેટ્રોલની અછત, રિક્ષા-વાનના માલિકો પરેશાન: ધો.9થી12 ઓનલાઇન શિક્ષણની રજૂઆત

(પ્રતિનિધિ) વડોદરા,તા.27
રાજ્યમાં અસહ્ય ગરમી અને ખાડી યુદ્ધની અસરને પગલે ગુજરાતની તમામ શાળાઓમાં ઉનાળુ વેકેશન 10 દિવસ લંબાવવાની માંગ ઉઠી છે. રાજ્ય શાળા સંચાલક મહામંડળે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખીને 8 જૂનને બદલે 18 જૂનથી શાળાઓ શરૂ કરવાનો આગ્રહ કર્યો છે.

શાળા સંચાલક મહામંડળે રજૂઆતમાં જણાવ્યું કે, હવામાન આગાહી અને વર્તમાન ગરમીના કારણે ગુજરાતના પ્રત્યેક ગામડા અને શહેરોમાં ગરમીનો પારો 40 થી 44 સુધી જોવા મળે છે. આ સંજોગોમાં બળબળતા તાપ અને ગરમીમાં બાળકોને રાહત આપવી જરૂરી છે, જેથી તાત્કાલિક નિર્ણય લઈને 18-6-2026 ને ગુરુવારે ઉનાળુ વેકેશન પછી શાળા શરૂ કરવા માટેના હુકમો કરવા આગ્રહ કરાયો છે. પત્રમાં બીજું કારણ ખાડી યુદ્ધ દર્શાવાયું છે. યુદ્ધના કારણે તથા ચોમાસામાં વાવણી કરવાના હેતુસર ખેડૂતોને ડીઝલ ઉપલબ્ધ થતું નથી અને શાળામાં ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા સંદર્ભે રીક્ષા અને વાનના માલિકોને પણ પેટ્રોલ/ડીઝલનો પ્રશ્ન સતાવી રહ્યો છે. માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આગ્રહપૂર્વક દરેક રાજ્યને જણાવેલ છે કે ખાડી યુદ્ધના કારણે ઉદ્ભવેલ પરિસ્થિતિમાં સૌનો સાથ સહકાર જરૂરી છે. શાળા સંચાલક મહામંડળે જિલ્લા સંગઠનો તરફથી મળેલ વિવિધ સૂચનો અને રજૂઆતોને સંકલિત કરીને આ પત્ર લખ્યો છે. હાલ 8 જૂને શાળાઓ શરૂ થવાની છે, પરંતુ ગરમી અને ઈંધણની અછત જોતાં વાલીઓ અને સંચાલકો વેકેશન લંબાવવા માંગણી કરી રહ્યા છે.

## કોર્પોરેશનમાં 'નવા શાસન'નો સૂર્યોદય થશે

# આજે મળશે પ્રથમ સામાન્ય સભા

## વડોદરાને મળશે નવા મેયર અને સ્ટેન્ડિંગ ચેરમેન

**સંખ્યાબળ** ખૂટતાં કોંગ્રેસના હાથમાંથી સરક્યું વિપક્ષનું પદ; વોર્ડ નં-1 ના એકમાત્ર વિજેતા અપક્ષ કોર્પોરેટરને મળશે અલાયદી ઓફિસ

(પ્રતિનિધિ) વડોદરા તા.27
વડોદરા મહાનગરપાલિકાની ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હવે નવા હોદ્દેદારોની વરણી સાથે કોર્પોરેશનના નવા શાસનની શરૂઆત થવા જઈ રહી છે. મહાનગરપાલિકાની નવી ટર્મની સર્વપ્રથમ સામાન્ય સભા ગુરુવારે સવારે 11:00 કલાકે ખંડેરાવ માર્કેટ સ્થિત સભા હોલમાં યોજાશે. મ્યુનિસિપલ કમિશનરની અધ્યક્ષતામાં શરૂ થનારી આ મહત્વપૂર્ણ સભામાં વડોદરાના નવા મેયર, ડેપ્યુટી મેયર અને સ્થાયી સમિતિના સભ્યોની સત્તાવાર જાહેરાત સાથે વરણી કરવામાં આવશે.

ગુરુવારે સામાન્ય સભાની પ્રક્રિયા અંગે વિગતો આપતા પાલિકા ના સેક્રેટરી ચિંતન દેસાઈએ જણાવ્યું હતું કે, સભાની શરૂઆતમાં સર્વપ્રથમ માનનીય મ્યુનિસિપલ કમિશનરની અધ્યક્ષતામાં મેયર પદની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. નવા મેયર ચૂંટાયા બાદ તેઓ તુરંત જ પોતાનું સ્થાન ગ્રહણ કરશે અને ત્યારબાદ આગળની કાર્યવાહી સંભાળીને ડેપ્યુટી મેયરની ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરાવશે. આ બંને મુખ્ય હોદ્દાઓની વરણી સંપન્ન થયા બાદ, નવા ચૂંટાયેલા મેયર દ્વારા વડોદરા મહાનગરપાલિકાની સૌથી મહત્વની ગણાતી સ્થાયી સમિતિ ના 12 સભ્યોના નામોની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. સામાન્ય સભાની આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તુરંત જ બપોરે 12:00 વાગ્યે સ્થાયી સમિતિની પ્રથમ બેઠક કમિટી રૂમ નંબર-1 માં મળશે, જેમાં સર્વાનુમતે સ્થાયી સમિતિના નવા અધ્યક્ષ ની નિયુક્તિ કરવામાં આવશે. આમ, ગુરુવારે બપોર સુધીમાં વડોદરા કોર્પોરેશનના તમામ મુખ્ય પદાધિકારીઓની વરણીનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

બીજી તરફ, આ વખતની સામાન્ય સભામાં રાજકીય સમીકરણો પણ બદલાયેલા જોવા મળશે. મહાનગરપાલિકાના નિયમો અને સામાન્ય સભાના અગાઉના ઠરાવ મુજબ, કુલ બેઠકોના 10 ટકા કે તેથી વધુ સીટો મેળવનાર પક્ષને જ વિપક્ષ તરીકેનો સત્તાવાર હોદ્દો અને માન્યતા મળી શકે છે. જો કે, આ ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ માત્ર છ સભ્યોનું સંખ્યાબળ જ મેળવી શક્યો હોવાથી નિયમ અનુસાર કોંગ્રેસને આ વખતે પણ વિપક્ષનો સત્તાવાર હોદ્દો મળી શકશે નહીં. આ ઉપરાંત, વોર્ડ નંબર-1 માંથી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી જીતીને આવેલા હરીશભાઈ પટેલ ગૃહના એકમાત્ર અપક્ષ સભ્ય હોવાથી, વહીવટી તંત્ર દ્વારા તેઓને કોર્પોરેશન સંકુલમાં સત્તાવાર રીતે એક અલાયદો રૂમ ફાળવવામાં આવશે.

# ધો.-10ના રિઝલ્ટને 3 અઠવાડિયા છતાં માર્કશીટ મળી નથી : પ્રવેશ ખોરવાયો

**માર્કશીટના** ફોર્મેટ બદલવાને કારણે વિલંબ, PCIએ ફાર્મસી કોલેજોને નકલી સ્ટાફનો ડેટા હટાવવા આદેશ આપ્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.27
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-10નું પરિણામ 6 મેના રોજ જાહેર થયાને ત્રણ અઠવાડિયા વીતી ગયા છતાં વિદ્યાર્થીઓને અસલ માર્કશીટ મળી નથી. માર્કશીટ ન મળવાથી ધોરણ-11, ડિપ્લોમા અને SSC પછીના અન્ય કોર્સમાં પ્રવેશ પ્રક્રિયા પર સીધી અસર પડી રહી છે. ગુજરાત સ્ટેટ સ્કૂલ મેનેજમેન્ટ એસોસિએશને આ મુદ્દે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે.

એસોસિએશનના જણાવ્યા મુજબ, અગાઉ પરિણામ જાહેર થયાના દિવસે જ વિદ્યાર્થીઓને માર્કશીટ આપવામાં આવતી હતી, જ્યારે આ વખતે લાંબા વિલંબને કારણે વિદ્યાર્થીઓ, વાલીઓ અને શાળાઓ અસમંજસમાં મુકાઈ ગયા છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને વારંવાર શાળાએ ધક્કા ખાવા પડી રહ્યા છે. ડિપ્લોમા પ્રવેશ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન શરૂ થઈ ગયું છે અને તેમાં માર્કશીટ તેમજ શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અપલોડ કરવું ફરજિયાત હોવાથી અનેક વિદ્યાર્થીઓ અરજી પૂર્ણ કરી શકતા નથી.

શિક્ષણવિદોએ ડિજિટલ યુગમાં આવી બિનકાર્યક્ષમતા અસ્વીકાર્ય ગણાવી છે. તેમના મતે બોર્ડે પરિણામ જાહેર કરતી વખતે જ માર્કશીટ તૈયાર રાખવી જોઈએ. બોર્ડના અધિકારીઓએ માર્કશીટના ફોર્મેટ અને ડિઝાઈનમાં ફેરફારને વિલંબનું મુખ્ય કારણ ગણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે ધોરણ-12નું પરિણામ 4 મેના રોજ જાહેર થયું હતું, પરંતુ વિદ્યાર્થીઓને માર્કશીટ 23 મે બાદ મળી હતી. હવે ધોરણ-10ના વિદ્યાર્થીઓ પણ માર્કશીટની રાહ જોઈ રહ્યા છે, જેના કારણે પ્રવેશ પ્રક્રિયામાં અનિશ્ચિતતા સર્જાઈ છે.

## વડાપ્રધાનની અપીલ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના માર્ગદર્શન બાદ નિર્ણય

# હવે દર સોમવારે નો વ્હીકલ ડે,પેટ્રોલ-ડીઝલ બચાવવા યુનિ.નું મોટું પગલું

**વિદ્યાર્થીઓ**-સ્ટાફ સાઇકલ કે પગપાળા આવશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.27
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાએ ઈંધણની બચત અને પર્યાવરણ સંરક્ષણ માટે ઐતિહાસિક નિર્ણય લીધો છે. હવેથી યુનિવર્સિટી કેમ્પસમાં દર સોમવારે નો વ્હીકલ ડે ઉજવાશે. વડાપ્રધાન દ્વારા ઈંધણ બચત માટે કરાયેલી અપીલ અને ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન બાદ યુનિવર્સિટીએ આ મહત્વપૂર્ણ પગલું ભર્યું છે.

એમ.એસ.યુનિવર્સિટી તંત્રના જણાવ્યા મુજબ, આ પહેલનો મુખ્ય હેતુ પેટ્રોલ અને ડીઝલના વપરાશમાં ઘટાડો કરવો, ઈંધણ બચત અંગે જાગૃતિ ફેલાવવી અને વિદ્યાર્થીઓ, શિક્ષકો, વહીવટી કર્મચારીઓ તથા સમગ્ર યુનિવર્સિટી પરિવારને પર્યાવરણ સંરક્ષણ તરફ પ્રેરિત કરવાનો છે. નાના પરંતુ અર્થપૂર્ણ સામૂહિક પ્રયાસો દ્વારા રાષ્ટ્રીય બચત, પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ જીવનશૈલી તરફ નોંધપાત્ર યોગદાન આપી શકાશે. આ અભિયાનથી કેમ્પસમાં પ્રદૂષણનું પ્રમાણ ઘટશે તેમજ સ્વસ્થ અને હરિયાળું વાતાવરણ ઊભું કરવામાં પણ મદદ મળશે. સાથે જ વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જવાબદારી અને સામાજિક જાગૃતિનો વિકાસ થશે. યુનિવર્સિટી દ્વારા ભવિષ્યમાં પણ આવા પર્યાવરણલક્ષી અને જનજાગૃતિ આધારિત કાર્યક્રમો હાથ ધરવાની તૈયારી દર્શાવવામાં આવી છે.

આ પહેલ અંતર્ગત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને દર સોમવારે કેમ્પસમાં વાહન લાવવાનું ટાળવા અનુરોધ કરાયો છે. તેના બદલે સાઈકલ, પગપાળા ચાલવું, જાહેર પરિવહન અથવા કારપૂલિંગનો ઉપયોગ કરવા જણાવાયું છે. યુનિવર્સિટી માને છે કે શૈક્ષણિક સંસ્થાઓ જવાબદાર નાગરિક વર્તન ઘડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. દર સોમવારે નો વ્હીકલ ડે ઉજવીને યુનિવર્સિટી યુવાનોમાં પર્યાવરણ જાગૃતિ, આત્મશિસ્ત અને રાષ્ટ્રીય જવાબદારીનો સશક્ત સંદેશ પહોંચાડવા ઈચ્છે છે. યુનિવર્સિટીની તમામ ફેકલ્ટીઓ, કોલેજો, સંસ્થાઓ, વિભાગો, કેન્દ્રો અને વહીવટી શાખાઓને આ પરિપત્રના અસરકારક અમલીકરણ માટે જરૂરી કાર્યવાહી કરવા સૂચના અપાઈ છે.

# યુવકને નગ્ન કરી માર મારી વીડિયો બનાવનાર 4 આરોપીઓની ધરપકડ

**સનફાર્મા** રોડ પરથી યુવકનુ અપહરણ કરી લૂંટ કરનાર અન્ય આરોપીની શોધખોળ

(પ્રતિનિધિ) વડોદરા તા 27
વડોદરાના સનફાર્મા રોડ વિસ્તારમાં 20 વર્ષીય યુવકનું અપહરણ કરી તેની સાથે અમાનવીય વર્તન કરાયાનું ચોંકાવનારું પ્રકરણ સામે આવ્યું છે. યુવકને બળજબરીથી કારમાં બેસાડી અલગ-અલગ સ્થળે લઈ જઈ માર મારવામાં આવ્યો હતો. આરોપીઓએ યુવકના કપડા ઉતારી તેનો નગ્ન વીડિયો બનાવ્યો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. સમગ્ર મામલે અટલાદરા પોલીસે ગુનો નોંધી ચાર આરોપીની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

પાર્વતીનગરમાં રહેતા હેતરાજસિંહ બારીયાની ફરિયાદ મુજબ, લગભગ દસ મહિના પહેલા તેના મિત્રનો મોબાઈલ ફોન નીલ સહાનીએ લઈ લીધો હતો. આ મામલે ઈન્સ્ટાગ્રામ મારફતે સંપર્ક કરતાં પ્રતિકસિંહ રાજપુતે ગાળાગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

7 જાન્યુઆરી 2025ની મધરાત્રિએ હેતરાજસિંહ મિત્રના ઘરે જતો હતો ત્યારે કેટલાક શખ્સોએ તેને રોકી બળજબરીપૂર્વક સ્કૂટર પર બેસાડી સનફાર્મા રોડ રિંગ રોડ નજીક લઈ ગયા હતા. ત્યાં હાજર આરોપીઓએ લાકડાના દંડાથી હુમલો કરી બાદમાં કારમાં બેસાડી બિલ કેનાલ રોડ તરફ લઈ જઈ માર માર્યો હતો. આ દરમિયાન યુવકના કપડા ઉતારી વીડિયો બનાવાયો હોવાનો અને મોબાઈલ તેમજ રૂ.2 હજારની રોકડ લૂંટી લેવાઈ હોવાનો આક્ષેપ છે.

ACP એ.વી. કાટકડે જણાવ્યું હતું કે કેસમાં પ્રતિકસિંહ રાજપુત, તરુણ યાદવ, આકાશ થાપા અને મનોજ યાદવની ધરપકડ કરવામાં આવી છે. ચારેય આરોપીઓ સામે શહેરના વિવિધ પોલીસ સ્ટેશનોમાં અગાઉ પણ અનેક ગુનાઓ નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે.

## GCAS પોર્ટલના નવા સુધારા પણ જાહેર

# કોમર્સમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીના 2 થી 6 જૂન સુધી ડોક્યુમેન્ટ વેરિફિકેશન

**જૂનના** બીજા કે ત્રીજા સપ્તાહથી એફવાય બીકોમનું શિક્ષણકાર્ય શરૂ થાય તેવી શક્યતા

(પ્રતિનિધિ) વડોદરા,તા.27
એમ.એસ. યુનિવર્સિટીની સૌથી મોટી કોમર્સ ફેકલ્ટીમાં એફવાય બીકોમ પ્રવેશ માટે પહેલી વખત યોજાયેલી ઓનલાઈન એન્ટ્રન્સ પરીક્ષામાં વિદ્યાર્થીઓનો ભારે પ્રતિસાદ જોવા મળ્યો હતો. જીકાસ પોર્ટલ પર નોંધાયેલા 10 હજારથી વધુ વિદ્યાર્થીઓમાંથી કુલ 9365 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જે મુજબ હાજરીનો દર 91 ટકા રહ્યો હતો. સવારે 10થી 12 દરમિયાન યોજાયેલી આ ઓનલાઈન પરીક્ષામાં વિદ્યાર્થીઓને કુલ 100 પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. સમગ્ર પરીક્ષા પ્રક્રિયા દરમિયાન કોઈ ટેકનિકલ ખામી ન સર્જાય તે માટે યુનિવર્સિટીના લગભગ 100 જેટલા અધ્યાપકો અને કર્મચારીઓ ફરજ પર તહેનાત રહ્યા હતા. સાથે જ હેલ્પલાઈન મારફતે વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવ્યું હતું.

યુનિવર્સિટી દ્વારા હવે આગામી 31 મેના રોજ મેરિટ લિસ્ટ જાહેર કરવામાં આવશે. ત્યારબાદ 2થી 6 જૂન દરમિયાન પ્રવેશ માટે ક્વોલિફાય થયેલા વિદ્યાર્થીઓનું ડોક્યુમેન્ટ વેરિફિકેશન હાથ ધરાશે. આ પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીઓએ તમામ જરૂરી દસ્તાવેજો સાથે હાજર રહેવું ફરજિયાત રહેશે. ડોક્યુમેન્ટ વેરિફિકેશન અંગેની વિગતવાર સૂચનાઓ યુનિવર્સિટીની સત્તાવાર વેબસાઈટ તેમજ જીકાસ પોર્ટલ પર જાહેર કરવામાં આવશે. ફેકલ્ટી સૂત્રોના જણાવ્યા મુજબ, જૂનના બીજા કે ત્રીજા સપ્તાહથી એફવાય બીકોમનું નિયમિત શિક્ષણકાર્ય શરૂ થવાની શક્યતા છે.

બીજી તરફ, કોલેજ પ્રવેશ પ્રક્રિયા વધુ સરળ અને વિદ્યાર્થીઓને અનુકૂળ બનાવવા જીકાસ પોર્ટલમાં કેટલાક મહત્વપૂર્ણ સુધારા કરવામાં આવ્યા છે. હવે વિદ્યાર્થીઓ રજીસ્ટ્રેશનના ચોથા રાઉન્ડ સુધી ઓનલાઈન અરજી કરી શકશે. ફિઝિકલ માર્કશીટ ન મળી હોય તો પણ અરજી કરવાની સુવિધા આપવામાં આવી છે. બેઠક ક્રમાંક દાખલ કર્યા બાદ વિદ્યાર્થીઓનો ડેટા ઓટોપેચ થશે, જેથી અલગથી માર્કશીટ અપલોડ કરવાની જરૂર નહીં રહે. બર્થ પ્રૂફ તરીકે એલસી ઉપરાંત ધોરણ-10ની માર્કશીટ પણ માન્ય ગણાશે. ઉપરાંત નવા અનલોક ઓપ્શનના કારણે વિદ્યાર્થીઓ જનરલ અને રિઝર્વ કેટેગરી વચ્ચે ફેરફાર પણ કરી શકશે.

## CBSEના પરીક્ષા પોર્ટલની સુરક્ષાને લઈ એથિકલ હેકર અને બોર્ડ આમને-સામને

# હેકરનો દાવો: નોન-ટેસ્ટ યુઝર ડેટા એક્સેસ કર્યો, પુરાવા છે

**CBSEનું** કહેવું છે કે કોઈ ડેટા લીક થયો નથી પોર્ટલ સુરક્ષિત છે

(પ્રતિનિધિ) વડોદરા,તા.27
સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશનના ઓન-સ્ક્રીન માર્કિંગ સિસ્ટમમાં ખામી હોવાના એથિકલ હેકર નિસર્ગ અધિકારીના આક્ષેપો બાદ વિવાદ વધુ ઘેરાયો છે. સીબીએસઈએ સ્પષ્ટતા કરી છે કે પ્રોડક્શન ડેટા સાથે કોઈ છેડછાડ થઈ નથી, જ્યારે હેકર પોતાના દાવા પર અડગ રહી વિઝ્યુઅલ પુરાવા હોવાનો દાવો કરી રહ્યો છે.

એથિકલ હેકર નિસર્ગ અધિકારીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર દાવો કર્યો હતો કે તેણે સીબીએસઈના ઓએસએમ પોર્ટલની ખામીઓ શોધી કાઢી છે અને નોન-ટેસ્ટ યુઝર ડેટા એક્સેસ કર્યો છે. તેણે સ્ક્રીન રેકોર્ડિંગ અને સ્ક્રીનશોટ જેવા પુરાવા હોવાનો દાવો કર્યો છે. તેના મુજબ ધોરણ-12ની બોર્ડ પરીક્ષા માટે વપરાતી ઓએસએમ સિસ્ટમમાં ગંભીર સુરક્ષા ખામીઓ છે.

સીબીએસઈએ જવાબમાં જણાવ્યું કે હેકરે જે યુઆરએલ એક્સેસ કર્યું હતું તે માત્ર આંતરિક ટેસ્ટિંગ માટેનું સાઈટ હતું અને તેમાં સેમ્પલ ડેટાનો ઉપયોગ થતો હતો. બોર્ડના જણાવ્યા મુજબ વાસ્તવિક મૂલ્યાંકન માટે અલગ યુઆરએલ ધરાવતું સુરક્ષિત પોર્ટલ વપરાય છે અને તેમાં કોઈ ખામી સામે આવી નથી. જોકે નિસર્ગ અધિકારીએ આ દાવાને નકારી કહ્યું કે ઓર-માર્ક ડોમેન હેઠળના તમામ મિરર્સમાં સમાન ખામીઓ હતી.

આ સમગ્ર મામલે ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય તથા સીઈઆરટી-ઈન પણ સક્રિય બન્યા છે. સૂત્રોના જણાવ્યા મુજબ સીબીએસઈને ટેકનિકલ સહાય પૂરી પાડવામાં આવી રહી છે અને સુરક્ષા ખામીઓ ઝડપથી દૂર કરવા સૂચનાઓ અપાઈ છે. આ મામલાને લઈને શિક્ષણ ક્ષેત્રમાં ડિજિટલ પરીક્ષા સિસ્ટમની સુરક્ષા અંગે નવી ચર્ચા શરૂ થઈ છે. નિષ્ણાતોનું માનવું છે કે આવા પ્લેટફોર્મમાં નિયમિત ઓડિટ અને પેનેટ્રેશન ટેસ્ટિંગ જરૂરી છે. વિદ્યાર્થીઓના ડેટાની સુરક્ષા સર્વોચ્ચ પ્રાથમિકતા હોવી જોઈએ. આ વિવાદ બાદ સીબીએસઈ દ્વારા આંતરિક સમીક્ષા પ્રક્રિયા તેજ કરવામાં આવી છે અને ટેકનિકલ ટીમને રિપોર્ટ તૈયાર કરવા સૂચના આપવામાં આવી છે. સુરક્ષા સુધારણા માટે વિશેષ સમિતિ પણ રચવાની ચર્ચા ચાલી રહી છે.




**સાયબર સુરક્ષા મુદ્દે વધતી ચિંતા**

તાજેતરમાં સીઈઆરટી-ઈન દ્વારા સંસ્થાઓને નિર્દેશ અપાયો હતો કે જોખમી સિસ્ટમોમાં કોઈ સુરક્ષા ખામી જણાય તો 12 કલાકમાં તેને દૂર કરવી જરૂરી છે. એઆઈ આધારિત સાયબર હુમલાના વધતા જોખમ વચ્ચે આ કેસે ફરી એકવાર ડિજિટલ સુરક્ષાની ચિંતા વધારી છે. સંસ્થાઓને નિયમિત ઓડિટ, પેનેટ્રેશન ટેસ્ટિંગ અને મોનિટરિંગ મજબૂત કરવાની પણ સલાહ આપવામાં આવી છે જેથી આવા હુમલાઓ અટકાવી શકાય અને સંવેદનશીલ ડેટાની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય તે માટે સરકાર સ્તરે વધુ કડક માર્ગદર્શિકા તૈયાર કરવાની ચર્ચા ચાલી રહી છે

## કપૂરાઈ ચોકડી પાસેના સાંઈ જલા હાઈટ્સમાં લોકોનો વિરોધ

# સ્માર્ટ મીટરનો વિરોધ, બિલ બમણું આવે છે કહી રહીશોએ ટીમને પાછી કાઢી

**ફરજિયાત** છે એવો લેખિત પુરાવો માંગ્યો, વીજ કંપનીની ટીમ ખાલી હાથે પરત ફરી

(પ્રતિનિધિ) વડોદરા,તા.27
શહેરમાં સ્માર્ટ મીટર લગાવવાની કામગીરીને લઈને ફરી એકવાર વિવાદ સર્જાયો છે. કપૂરાઈ ચોકડી પાસે આવેલા સાંઈ જલા હાઈટ્સ એપાર્ટમેન્ટમાં સ્માર્ટ મીટર લગાવવા ગયેલી વીજ કંપનીની ટીમને સ્થાનિકોના ઉગ્ર વિરોધનો સામનો કરવો પડ્યો અને અંતે ટીમને મીટર લગાવ્યા વગર જ પરત ફરવું પડ્યું હતું.

વીજ કંપનીની ટીમ એપાર્ટમેન્ટમાં પહોંચતા જ રહીશો એકત્ર થઈ વિરોધ નોંધાવ્યો હતો. સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો કે સ્માર્ટ મીટર લાગ્યા બાદ વીજ બિલ અસામાન્ય રીતે વધી જાય છે. અન્ય વિસ્તારોમાં લોકોના અનુભવને ટાંકીને રહીશોએ સ્પષ્ટ જણાવ્યું હતું કે તેઓ સ્માર્ટ મીટર સ્વીકારશે નહીં. હોબાળા દરમિયાન રહીશોએ ટીમ પાસે સ્માર્ટ મીટર ફરજિયાત હોવાનો કોઈ સરકારી પરિપત્ર કે લેખિત પુરાવો રજૂ કરવાની માંગ કરી હતી.

ટીમ દ્વારા કોઈ નક્કર દસ્તાવેજ રજૂ ન થતાં મામલો વધુ ગરમાયો હતો. રહીશોએ જણાવ્યું હતું કે જ્યાં સુધી લેખિત ખાતરી આપવામાં નહીં આવે ત્યાં સુધી જૂના મીટર બદલવા દેવામાં આવશે નહીં. ભારે દલીલબાજી વચ્ચે વીજ કંપનીના અધિકારીઓએ લોકોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સ્થાનિકો પોતાની માંગ પર અડગ રહ્યા હતા. અંતે કોઈ સમાધાન ન નીકળતાં ટીમને સ્માર્ટ મીટર લગાવ્યા વગર જ પરત ફરવું પડ્યું હતું.

સાંઈ જલા હાઈટ્સની ઘટનાના પગલે હવે શહેરના અન્ય વિસ્તારોમાં પણ સ્માર્ટ મીટરને લઈને ચર્ચા અને ઉહાપોહનો માહોલ જોવા મળી રહ્યો છે. કેટલાક રહીશોએ સ્માર્ટ મીટરની કાર્યપદ્ધતિ અંગે જાહેર જનજાગૃતિ અભિયાન ચલાવવાની પણ માંગ ઉઠાવી છે. ઉપરાંત સ્માર્ટ મીટરથી બિલિંગ પદ્ધતિમાં પારદર્શિતા રહે તે માટે વીજ કંપનીએ સ્પષ્ટ માર્ગદર્શિકા જાહેર કરવી જોઈએ તેવી માંગ પણ ઉઠી રહી છે.